ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૫ ટકા

# શહેરમાં કેરીની વિદાય... જાંબુનું આગમન

## વરસાદ શરૂ થતાં જ ઉનાળુ ફળ કેરીના વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે : જાંબુ-રાયણા બજારમાં મળવા લાગ્યા

ગાંધીનગર, તા.૧૭

છુટોછવાયો વરસાદ શરૂ થઈ ચુકયો છે. વરસાદ શરૂ થતાં જ ઉનાળુ ફળ ગણાતા કેરીની વિદાય શરૂ થઈ ચુકી છે. સાથે જ નવા ફળ જાંબુ-રાયણા બજારમાં આવી ગયા છે.

આ વર્ષે ગુજરાતમાં ચોમાસાનું આગમન વહેલું થયું છે. દર વખતે ખૂબ રાહ જોવડાવીને આવતો વરસાદ પડવા માંડયો છે. દક્ષિણ ગુજરાતના ઘણા ભાગોમાં તો છેલ્લા કેટલાક દિવસોથી સારો એવો વરસાદ પડી રહ્યો છે. વરસાદ શરૂ થતાં જ ઉનાળુ ફળ ગણાતા કેરીની વિદાય શરૂ થઈ ચુકી છે. માત્ર કેરીના કારણે જ ઉનાળાને ગમાડતા ઘણા લોકો આપણે ત્યાં છે. હજુ તો માર્ચ મહિનો શરૂ થયો હોય ત્યાં જ કેરીના રસિયાઓ બજારોમાં કેરી શોધવા માંડે છે. માર્ચ અને એપ્રિલ માસમાં જેમ જેમ ગરમી વધવા માંડે છે તેમ તેમ બજારોમાં વિવિધ પ્રકારની કેરીઓનું આગમન શરૂ થઈ જાય છે. બદામ અને સુંદરી તથા રત્નાગીરી હાફુસ જેવી કેરીઓ ઉનાળાના આગમનને વધાવે છે.

### જાંબુના ફાયદા

જાંબુ એક સિઝનલ ફળ છે. તે ખાવામાં સ્વાદિષ્ટ તો છે સાથે તેમાં ઘણા બધા ઔષધીય ગુણો રહેલા છે. તે સ્વાદમાં મીઠા હોય છે અને તેમાં ભરપુર માત્રામાં ગ્લુકોઝ હોય છે.

● જાંબુના પાંદડાનું ચૂર્ણ બનાવીને ખાવાથી ડાયાબિટીસમાં ફાયદો મળે છે.

● જાંબુના પાંદડાને પીસીને ખાવાથી ઝાડા બંધ થઈ જાય છે. પાચનશકિત સારી બનાવે છે.

● હરસ અને તાવ માટે પણ જાંબુ ફાયદાકારક છે.

● જાંબુ તમારી રોગપ્રતિકારક શકિત પણ વધારે છે.

● જાંબુમાં આર્યન સારી એવી માત્રામાં મળે છે જે તમારું લોહી શુદ્ધ કરવામાં મદદ કરે છે અને તેનાથી સ્કીન કલીન અને સુંદર બને છે, ખીલ થતા નથી.





### રાયણાના ફાયદા

રાયણાને રાયણ પણ કહેવાય છે અને જેને આયુર્વેદમાં ક્ષિરિણીના નામથી ઓળખવામાં આવે છે. આપણે જયારે તેના ફળ કે પાંદડાને તોડીએ ત્યારે તેમાંથી દૂધ નીકળે છે. આ એક પીલા કલરનું ફળ છે. રાયણામાં પ્રોટીન, વિટામીન તેમજ બીજા પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે.

● જો તમને દાંતનો દુખાવો હોય તો તે જગ્યાએ આ ફળનું દૂધ લગાડવાથી તેમાં રાહત મળે છે.

● રાયણાના ફળના પાંદડાને પીસી તેમાં દૂધ મેળવી ચહેરા પર લગાડવાથી દાગ, ખીલ, ધબ્બા મટી જાય છે.

● સવારે ખાલી પેટે આ ફળ ખાવાથી વારે વારે પેશાબ જવાની સમસ્યામાંથી છુટકારો મળે છે.

● કોઈ ઝેરીલું જીવજંતુ કરડે ત્યારે રાયણાના ઠળીયાને પીસી તેનો લેપ ડંખવાળી જગ્યા પર લગાડાથી આરામ મળે છે.

● રાયણના વૃક્ષની છાલને પાણીમાં ઉકાળીને તે પાણીથી નહાવાથી દુઃખાવામાં આરામ મળે છે.

એપ્રિલ માસના અંતમાં ગુજરાતીઓને સૌથી પ્રિય એવી સૌરાષ્ટ્ર-તલાલાની કેસર કેરીઓ બજારમાં મળતી થઈ જાય છે. બજારોમાં અને જાહેર રસ્તાઓના ખૂણાઓ પર આ કેરીઓના બોકસ વેચાતા થઈ જાય છે. કોરોનાના કારણે આ વખતે કેસર કેરીની નિકાસ મર્યાદિત હોવાથી કેસર કેરીના સારા ફળો આપણા સુધી પહોંચ્યા પરંતુ મે મહિનામાં આવેલા વાવાઝોડાએ કેસર કેરીના પાકને ખુબ નુકશાન પહોંચાડયુંહતું. જેના કારણે કેરીના ભાવો વધ્યા હતા. જૂન મહિનામાં કચ્છની કેસર કેરીએ કેરીના રસિયાઓને મોજ કરાવી દીધી હતી. હજુ બજારોમાં કયાંક કયાંક કચ્છની કેસર અને લંગડો કેરી જોવા મળી રહી છે જો કે તેનો માલ ખૂબ જ ઓછો છે. સૌરાષ્ટ્રની કેસરની તો કયારનીય વિદાય થઈ ચુકી છે હવે અન્ય કેરીઓની વિદાય પણ થઈ રહી છે. કેસર કેરીની વિદાય સાથે જ ચોમાસુ ફળ ગણાતા જાંબુ અને રાયણા બજારોમાં મળવા લાગ્યા છે. ગાંધીનગરમાં જાંબુના ઘણાં વૃક્ષો છે. આ વૃક્ષો પણ જાંબુથી લચી પડયાં છે.

## સે-પસીમાં ગટર ઉભરાવાની સમસ્યાએ માથુ ઉંચક્યું






ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-પસી વિભાગમાં છેલ્લા અઠવાડિયાથી પ્લોટ નં.૮૦૦/૧ની આજુબાજુના મોટાભાગના રહેણાંક મકાનો પાસેની ચોકડીની ગટરો ઉભરાવાની અને કાદવ કીચડ સાથે દૂષિત પાણી ઉભરાવાની સમસ્યા સર્જાઇ રહી છે જેના કારણે દુર્ગંધ પ્રસરવા પામી રહી છે. આ બાબતે સ્થાનિક વસાહતીઓ દ્વારા પાટનગર યોજના ભવન તેમજ સેકટર-૩ ખાતેની સુવિધા કચેરીમાં બેથી ત્રણ વાર લેખિત ફરીયાદ ફરિયાદ બુકમાં નોંધાવવા છતાં તેનો નિકાલ કરવામાં આવતો નથી કે સંબંધિત કર્મચારીઓ કે અધિકારીઓએ સ્થળ મુલાકાત પણ કરી નથી. આ રહેણાંક મકાનોની આગળની જાહેર રોડ પરની ગટરો ભરાઇ જવાથી ચોકઅપ થઈ દૂષિત પાણી બૅક મારે છે જેના કારણે ચોકડી અને પ્લોટની અંદરની ગટરો પણ ઉભરાય છે જેના કારણે આ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળ્વાનો સંભવ છે. તાજેતરમાં પ્રસરેલી કોરોનાની મહામારીમાં બચવા માંગતા નાગરિકો મેલેરિયા-ટાઈફોઈડ જેવા રોગનો ભોગ બને એ તે પહેલાં સત્વરે વસાહતીઓમાં ફરિયાદનો નિકાલ કરવામાં આવે તેવી માગણી પ્રવર્તી રહી છે. આ સાથે જો બે દિવસમાં આ સમસ્યા બાબતે કાર્યવાહી કરવામાં નહીં આવે તો સેકટર ૫ વસાહત મંડળ દ્વારા સ્થાનિક વસાહતીઓને સાથે રાખીને પાટનગર યોજના પાણી પુરવઠા અને ગટર વિભાગની કચેરીમાં મોરચો લઈ જઇ લેખિત આવેદનપત્ર આપવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# પેથાપુરની ટોળકી સામે ગુજસીટોક એકટ હેઠળ ગુનો દાખલ કરાયો



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરનો શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ધાડ, લુંટ, પ્રોહીબિશન,આર્મસ એકટ સહિતના ગંભીર ગુના આચરીને હોહા મચાવતી પેથાપુરની ટોળકીના ચાર સભ્યો સામે ક્રાઈમ બ્રાંચ દ્વારા ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એકટ હેઠળ ગાંધીનગરનો સૌ પ્રથમ ગુનો સેકટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા લુંટ અને અન્ય ગંભીર ગુનાને અંજામ આપતી ગેંગના માણસોને પકડી પાડવા માટે સુચનાઓ આપી હતી.જેથી ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલા દ્વારા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની ખાગની તપાસ હાથ ધરી હતી. જેને પગલે પેથાપુર સંજરી પાર્કની પાછળ વસવાટ કરતા રહીમ ઉર્ફે ભુરો મોહમ્મદ હુસેન ખોખર, રોહિત ઉર્ફે નેનો મહેન્દ્રભાઈ દુધાભાઈ રાઠોડ (રહે.મુલચંદ પાર્ક સોસાયટી નજીક રાઠોડ વાસ પેથાપુર),વિશાલ નગીન દંતાણી (રહે. પાંજરાપોળની પાછળ પેથાપુર), અને રાકેશ ઉર્ફે રાકો ગોવિંદભાઈ સોલંકી (રહે પેથાપુર જીઈબી છાપરા સેકટર-૩૦) રીઢ ગુનેગારો હોવાનું સામે આવ્યું હતું.આ ટોળકી છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં લુંટ, આર્મસ એકટ, પ્રોહિબિશન સહિતના ગુનાને અંજામ આપી હાહાકાર મચાવી રહી હતી. આ ગેંગ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સિન્ડીકેટ બનાવી કાવતરા રચીને ઘાતક હથીયારો તેમજ ફાયર આર્મસનો ઉપયોગ કરી ગરીબ તેમજ મધ્યમવર્ગના નાગરીકો પર હુમલા કરી તેમની પાસેથી સોનાના દાગીના રોકડ રકમની લુંટ તેમજ ઘરફોડ જેવા ગુનાઓ આચરી હાહાકાર મચાવતા હતા. આ ગેંગનો મુખ્ય સુત્રધાર રહીમ ઉર્ફે ભુરો છે. ચિલોડા, માણસા, વિજાપુર, કડી, દહેગામ સહિતના પોલીસ સ્ટેશન ખાતે ૯ જેટલા ગંભીર ગુના નોંધાયા છે.તેમ છતા ગુના આચરવા માટે કાર્યરત થયા હતા. જે અંગે પુરાવાઓ ગુપ્ત રાહે મેળવીને તેઓ સામે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ હેઠળ સેકટર-૨૧ પોલીસ મથકમાં પ્રથમ કેસ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે સરકાર દ્વારા ગુજસીટોક કાયદો લાગુ કરાયો છે.

## વાવોલના યુવકના આપઘાત કેસમાં વાગ્દત્તા જેલ ભેગી થઈ

ગાંધીનગર, તા.૧૭

ન્યુ વાવોલ વિસ્તારમાં રહેતા યુવાનના આપઘાત કેસમાં છેલ્લા કેટલાક સમયથી ભુગર્ભમાં જતી રહેલી વાગ્દત્તાને સેકટર-૭ પોલીસે સેકટર-૨૬ ખાતેથી પકડી પાડી હતી અને આ યુવતિને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેને સેન્ટ્રલ જેલ મોકલી આપી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યુ વાવોલ સંકલ રેસીડેન્સી ૩૦૩ ખાતે રહેતા અને બ્લુબેલ એકઝોટીક ખાતે શાકભાજીનો વેપાર કરતા યુવાન વિપુલ ભોગીલાલ પટેલે અઠવાડીયા અગાઉ ખોરજ નર્મદા કેનાલમાં આપઘાત કરીને જીવન લીલા સંકેલી લીધી હતી. ત્યારે મૃતકના ભાઈ નવનિતે સેકટર-૭ પોલીસ મથકે સેકટર-૪ ખાતે રહેતી મૃતક યુવાનની વાગ્દત્તા સામે ફરીયાદ દાખલ કરી હતી. જેને પગલે પોલીસે છેલ્લા કેટલાક દિવસથી વાગ્દતાની શોધખોળ શરુ કરી હતી. ત્યારે પોલીસને માહિતી મળી હતી કે મૃતક યુવાનની વાગ્દત્તા સેકટર-૨૬ માં રહેતી તેની બહેનપણીના ઘરે છુપાઈ રહી હતી. જેથી પોલીસે રીન્કુની ધરપકડ કરી લીધી હતી. યુવકના આપઘાતની ઘટના બાદ વાગ્દત્તા શહેરની એક ગેસ્ટ હાઉસમાં રોકાઈ હતી. ત્યારબાદ તેણી બહેનપણીના ઘરે રોકાઈ હતી. પૈસા અંગે કોઈ ફળદાયી વિગત સામે આવી ન હતી. પોલીસે મૃતક યુવાનની વાગ્દતાને કોર્ટમાં રજુ કરતા તેને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. લઢેલ રાહુલ નટવરભાઈ, ઉ.વ. ૨૯, જીઈબી છપરાં
- સ્વ. પરમાર જડીબેન નરસિંહભાઈ, ઉ.વ. ૬૬, સેકટર-૨
- સ્વ. રબારી ભેમાભાઈ શકકરભાઈ, ઉ.વ. ૭૧, પાલજ
- સ્વ. પરમાર હિરાબેન મગનભાઈ, ઉ.વ. ૭૪, સેકટર-૨૩

## કોલવડામાંથી બે ઈકો કારના સાયલેન્સરની ચોરી

ગાંધીનગર, તા.૧૭

શહેરમાંથી છાશવારે વાહનચોરીની ઘટનાઓ પ્રકાશમાં આવે છે ત્યારે શહેરને અડીને આવેલા કોલવડા ગામમાંથી એક જ રાતમાં બે ઈકો કારના સાયલેન્સરની ચોરી થવા પામી છે. કોલવડા ગામમાં રહેતા અર્જુનસિંહ જાલમસિંહ પરમાર (રહે કોલવડા ગામ) એ ફરીયાદ નોંધાવી હતી કે મુસાફરોની હેરાફેરી માટે ઈકો કાર નં. જી.જે.૧૮.એ.ઝેડ.-૩૯૫૯ છે. ત્યારે મોડી રાતે ઈકો કારને ઘર પાસે પાર્ક કરીને સુઈ ગયા હતા. જયારે બીજા દિવસે સવારે ઈકો ચાલુ કરી તે સમયે અવાજમાં ફેરફાર જોવા મળ્યો હતો. જેથી ઈકો માંથી નીચે ઉતરીને જોયુ તો સાયલેન્સર જોવા મળ્યુ ન હતું. જયારે ગામમાંથી બીજી અન્ય એક ઈકો કારનું સાયલેન્સર પણ ચોરી થઈ ગયુ હતું. એક જ ગામમાંથી બે ઈકોના સાયલેન્સરની ચોરી થતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.બનાવ અંગે પેથાપુર પોલીસે રૂ.૩૦ હજારના સાયલેન્સરની ચોરી અંગે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સવારના પ્હોરમાં દૂધ ખરીદવા જાઓ તો છાશ પણ ખરીદવી પડે..!!

## શહેરમાં દૂધ વિતરકો-પાર્લરધારકો દ્વારા ગ્રાહકોને ''છુટ્ટા નથી'' કહીને જરૂરી ના હોય તેવી ચીજવસ્તુઓ પણ ધરાર પધરાવવામાં આવે છે : દરરોજનો વેપાર હોવા છતાં છુટ્ટાની સગવડ રાખવામાં જાણી જોઈને ચાલાકી કરાતી હોવાની રાવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં મધુર તથા અમુલ સહિતના પેકેઝ્ડ દૂધ વેચતા વિતરકો-પાર્લરધારકો દ્વારા ગ્રાહકોને છુટા પૈસા આપવામાં છાશની થેલી કે ચોકલેટ જેવી વસ્તુ જરૂર ના હોવા છતાં ધરાર પકડાવવામાં આવતી હોવાની રાવ ઉઠવા પામી છે. વહેલી સવારે દૂધ લેવા જતા શહેરીજનોને દૂધ વિતરકોની આ પ્રકારની મનમાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

શહેરમાં દરેક સેકટરમાં વહેલી સવારે દૂધ વિતરકો વિવિધ સ્થળે ઉભા રહેતા હોય છે તેમજ પાર્લરધારકો પણ દૂધનું વિતરણ કરતાં હોય છે જ્યાં શહેરીજનો દૂધ ખરીદવા જાય છે. ગોલ્ડ દૂધની થેલીનો ભાવ રૂ. ૨૮ છે તેજ રીતે અન્ય દૂધમાં પણ નાણાં છુટા આપવા પડે કે લેવા પડે તેવા ભાવ છે અને સ્વાભાવિક રીતે જ દરેક ગ્રાહક પાસે દરરોજ છુટા નાણાંની સગવડ હોય નહીં જેનો આડકતરી રીતે લાભ લેવા વિતરકો દ્વારા પણ છુટા નાણાં નથી કહીને છાશની થેલી કે ચોકલેટ-બિસ્કીટ જેવી ચીજવસ્તુઓ આપીને 'રાઉન્ડ ફિગર' સેટ કરવામાં આવે છે. જેના કારણે ગ્રાહકોને આ ચીજવસ્તુની જરૂર ના હોય તેમ છતાં ખરીદવી પડે છે અને જો ગ્રાહક ના પાડે તો દૂધ નહીં મળે તેવી તુમાખી પણ કેટલાંક વિતરકો દ્વારા કરવામાં આવે છે. જેથી સવારના પહોંરમાં ગ્રાહકોને નોકરી-ધંધે જવામાં મોડુ થતુ હોય કે બાળકો માટે દૂધની જરૂર હોય તેથી મજબુરીવશ વિતરકની ચાલમાં ફસાવુ પડે છે. કેટલીકવાર શ્રમજીવી પરિવારના ગ્રાહક હોય જેને મજૂરીના વેતન પેટે જે નાણાં મળ્યાં હોય તેમાં ૧૦૦ કે ૨૦૦ની નોટ જ હોય ત્યારે સવારમાં તે છુટ્ટા લેવા ક્યાં જાય ? ના છુટકે તેને બિનજરૂરી વસ્તુની ખરીદી કરવી પડે છે જેથી તેને આર્થિક બોજ પડે છે પરંતુ વિતરકો તેમનો રોજનો ધંધો હોવા છતાં અગાઉથી પુરતા છુટ્ટા નાણાંની વ્યવસ્થા રાખતા નથી અથવા રાખે તો પણ જ્યાં સુધી ગ્રાહક વિરોધ વગર વસ્તુ ખરીદી લે ત્યાં સુધી છુટ્ટા નાણાં કાઢવા નહી તેવો અભિગમ રાખી ગ્રાહકોને ખંખેરવાનો પ્રયાસ કરતા હોય છે.

### કેટલાંક વિતરકો 'ટોકન' કે 'કૂપન'નો વિકલ્પ અપનાવે છે

છુટ્ટા નાણાંની રોજની કચકચ સામે કેટલાંક પ્રમાણિક વિતરકો દ્વારા નિયમિત ગ્રાહકોના વધ-ઘટના નાણાં જમા કે ઉધાર રાખી બીજા દિવસે હિસાબ સરભર કરી લેવાની નીતિ પણ અપનાવતા હોય છે. તો કેટલાંક વિતરકો 'ટોકન' કે 'કૂપન'નો વિકલ્પ પણ રાખતા હોય છે. જો કે કેટલાંક વિતરકો જાણી જોઈને ગ્રાહકની છુટ્ટા નાણાંની મજબુરીનો લાભ પોતાનો 'વેપાર વૃત્તિ'ને પોષવા ઉઠાવે છે કેમકે તેમને ખબર જ હોય છે કે નોકરિયાત હોય કે શ્રમિક હવે દરેકના વેતન મોટેભાગે બેંક ખાતામાં જમા થાય છે અને તેઓ એટીએમમાંથી નાણાં ઉપાડે એટલે તેમાં છુટ્ટા નાણાં તો મળવાના જ નથી.

## જન્મદિને વધામણી



રવીન્દ્રકુમાર ચિત્તરંજન રાવલ
મો. ૯૯૦૪૦ ૭૬૪૭૩



નિધિ બંકિમકુમાર ઠાકોર
મો. ૯૯૭૪૮ ૧૩૧૦૧



કવિશા વિપીન શાહ
મો. ૯૮૨૪૫ ૨૧૩૬૭



અનિલ બોટાદરા
મો. ૭૬૨૩૯ ૨૦૯૯૩



દર્શન રોહિત
બ્લેક બેલ્ટ ચેમ્પિયન
મો. ૯૯૭૪૪ ૪૪૮૪૪



કૌશલ રાવલ

## શહેરમાં ૨૦મીએ ગાયત્રી જયંતિ પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સ્થિત ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ખાતે ૨૦ જૂને ગાયત્રી જયંતિ પર્વની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે ગાયત્રી જયંતિ, ગંગાજી અવતરણનો દિવસ અને ગુરુદેવ સુક્ષ્મીકરણનો દિવસ છે. ગાયત્રી માતાની મૂર્તિની વિશિષ્ટ પૂજા અર્ચના કરવાની છે. આ સંયુકત પર્વને ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાની શકિતપીઠો, કેન્દ્રો અને શાખાના પરિજનો દ્વારા ઉજવવામાં આવી રહ્યું છે. વર્તમાન કોરોના સંકટને કારણે આપણી આજુબાજુમાં ઘણાં બધા કુટુંબોએ કોરોના મહામારીને કારણે પોતાના સ્વજનોને ગુમાવ્યા છે. આમ જનતા પોતાના જ ઘરે દિવંગત આત્માઓને શાંતિ માટે યજ્ઞ કરશે. યજ્ઞના કર્મકાંડની જાણકારી મેળવવા ગાયત્રી શકિતપીઠ કે કાર્યકર્તાઓનો સપંર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.